આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૩-૦૬-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# કેન્દ્રીય નાણામંત્રી-પુર્વ બજેટ

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર તરફથી સમયસર ટેક્સ ડિવોલ્યુશન, ફાઇનાન્સ કમિશન ગ્રાન્ટ્સ અને GST વળતરની બાકી રકમ રાજયોને સમયસર મળતા રાજ્યોમાં આર્થિક વૃદ્ધિને વેગ મળી રહ્યો છે.

નવી દિલ્હીમાં કેન્દ્રીય બજેટ 2024-25 માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણામંત્રીઓ સાથે પૂર્વ-બજેટ પરામર્શની બેઠકની નિર્મલા સીતારમણે અધ્યક્ષતા કરી હતી તેમજ કેન્દ્ર સરકારની 'મૂડી રોકાણ માટે રાજ્યોને વિશેષ સહાય યોજના'નો લાભ લેવા માટેપણ પ્રોત્સાહિત કર્યા હતા.

**(RNU અમદાવાદ)**

---

# મુખ્યમંત્રી-ભુપેન્દ્ર પટેલ-પોલીયો ટીપાં ઝુંબેશ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે પોલીયો દિવસ નિમિત્તે બાળકોને રસી પીવડાવીને પોલીયો અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સવારે સાડા આઠ વાગે ગાંધીનગરના કોમ્યુનિટી હોલ ખાતેથી આ અભિયાનનો પ્રારંભ કરાવશે.

આજે  પોલીયો રવિવારના દિવસ નિમિતે રાજ્ય સહિત કચ્છ જીલ્લાના દરેક તાલુકા  અને ગ્રામ્ય વિસ્તારમાં જન્મથી 5 વર્ષ ના બાળકોને પોલીયોના ટીપા પીવડાવવામા આવશે.

**(RNU અમદાવાદ/NP/આરતી ભટ્ટ)**

---------------------------------------------------------------------------

## કચ્છના દરિયાકાંઠે ડ્રગ્સ

કચ્છના જખૌ દરિયાકિનારેથી ગઈકાલે પણ ચરસના 20 જેટલા પેકેટ બિનવારસી હાલતમાં મરીન પોલીસ અને બીએસએફને  મળી આવ્યા છે. જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત 100 કરોડ રૂપિયા છે.

ગઈકાલે સવારે જખૌના સિંઘોડીના દરિયાઇપટ્ટી વિસ્તારમાંથી દરિયાના પાણીમાં તણાઇને આવેલા એક મોટા કોથળામાંથી 10 જેટલા ચરસના પેકેટ મરીન પોલીસને મળી આવ્યા હતા, ત્યાર બાદ બીએસએફે જખૌ દરિયાઇ પટ્ટીમાં સઘન પેટ્રોલીંગ હાથ ધરતા બીજા 10 પેકેટ બિનવારસુ હાલતમાં મળી આવ્યા હતા.

કચ્છના દરિયાકાંઠેથી બિનવારસી હાલતમાં માદક પદાર્થોનો જથ્થો મળી આવવાનો સિલસિલો 14મા દિવસે પણ યથાવત રહ્યો છે.

અત્યાર સુધીમાં માદક દ્રવ્યોના 340 પેકેટ મળી આવ્યા છે, જેની બજાર કિંમત 381 કરોડ રૂપિયા છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## પશુપાલન વિભાગ-વિવિધ યોજનાઓ માટે પોર્ટલ ખુલ્લુ

ગુજરાત સરકારના પશુપાલન વિભાગ દ્વારા આઈ-ખેડુત પોર્ટલને સહાય યોજનાનો લાભ લેવા માટે 15 જુલાઈ સુધી ખુલ્લુ મુકવામાં આવ્યુ છે. જે અંતર્ગત પશુપાલકો આ સમયગાળામાં પશુપાલન ખાતાની  વિવિધ યોજનાઓનો લાભ

લેવા માટે  આઈ-ખેડુત પોર્ટલ પર વિવિધ 28 યોજના માટે ઓનલાઈન અરજી કરી શકાશે. ઓનલાઈન અરજી કર્યા બાદ  જરૂરી આધારો સાથે નજીકના  સરકારી પશુ દવાખાના કે પશુ સારવાર સંસ્થા ખાતે આ અરજી મોકલવાની રહેશે.

**(આરતી ભટ્ટ/NP)**

--------------------------------------------------------------------------------

## અવસાન

કચ્છના વરિષ્ઠ  નાગરિકોની સંસ્થા સિનિયર સિટીઝન કાઉન્સિલ કચ્છના પ્રમુખ નિવૃત્ત કર્મચારી અગ્રણી વિજયસિહ પુરોહિતનું ગઈકાલે ભુજ ખાતે અવસાન થયું. તેમણે કચ્છનાં મહેસૂલી કર્મચારી મંડળના પ્રમુખ તરીકે સેવા આપી હતી. કર્મચારીઓની લડતમાં તેઓ સક્રિય રહ્યા હતા.

**(ચંદ્રવદન પટ્ટણી)**

--------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ટી-20 વિશ્વ કપ ક્રિકેટ સ્પર્ધાનાં સુપરએટના બીજા મુકાબલામાં ભારતે બંગલાદેશને  50 રને હરાવી વિજય કૂચ જારી રાખી છે. ભારતે 5 વિકેટનાં ભોગે 196 રન કર્યા હતા. જવાબમાં બાંગ્લાદેશની ટીમ  8 વિકેટ ગુમાવી 146 રન કરી શકી હતી.

**(ચંદ્રવદન પટ્ટણી)**

--------------------------------------------------------------------------------

## સંરક્ષણ દળમાં જોડાવા અરજી

ગુજરાત રાજ્યના યુવાનો સંરક્ષણ દળમાં જોડાય તે માટે જીલ્લા રોજગાર કચેરી દ્વારા કચ્છ જિલ્લાના ઉમેદવારો માટે 30 દિવસીય બી.એસ.એફ નિવાસી તાલીમ વર્ગમાં જોડાવવા ઈચ્છુક ઉમેદવારોને  તાલીમ નિશુલ્ક આપવામાં આવશે. આ તાલીમવર્ગમાં  ધોરણ 10 પાસ કે તેથી વધુ હોય તે ઉમદવાર દિવસ

દસમાં  ભુજ ખાતે આવેલ જિલ્લા રોજગાર કચેરી બહુમાળી ભવન રૂમનં.102,103 ખાતે અરજી કરવાની રહેશે.

**(આરતી ભટ્ટ/NP)**

-----------------------------------------------------------------------

## જી.કે. અદાણીમાં સંર્પદંશની સારવાર

કચ્છમાં અને ખાસ કરીને ગ્રામ વિસ્તારની અંદર ગરમી અને ભેજવાળા વાતાવરણ દરમિયાન સર્પદંશના બનાવમાં વધારો નોંધાતો હોય છે. જી.કે. જનરલ અદાણી હોસ્પિટલમાં જાન્યુથી જૂન મહિના દરમિયાન વર્તમાન વર્ષમાં સર્પદંશના કુલ્લ 68 બનાવમાં  તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી. જી.કે.ના ઈમર્જન્સી વિભાગના ઇન્ચાર્જ ડો.ના જણાવ્યા મુજબ વર્ષાઋતુમાં સંભવત: આવા બનાવો વધુ હોય છે તેવા સંજોગોમાં સાપ કરડે નહિ અને તેમ છતાં કરડ્યા હોય તો તે માટે  સાવધ રહેવું જરૂરી છે.

**(આરતી ભટ્ટ/NP)**

-----------------------------------------------------------------------